કેસ પ્રાપ્તિ તારીખ : ૧૧/૧૨/૨૦૨૫

કેસ દાખલ તારીખ : ૧૧/૧૨/૨૦૨૫

કેસ નિર્ણિત તારીખ : ૧૪/૦૩/૨૦૨૫

==========================================

**વેરાવળના એડીશનલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની**

**કોર્ટ સમક્ષ, મું. વેરાવળ.**

==========================================

**<u>ફોજદારી કેસ નં. ૩૧૦૫/૨૦૨૫</u>**

**આંક :–**

શ્રી સ ર કા ર . . . . . . **<u>ફરિયાદી</u>**

**<u>વિ રૂ ધ્ધ</u>**

રહેમતભાઈ નાથાભાઈ મકરાણી, ઉ.વ.આ.૨૨, ધંધો : ડ્રાઈવીંગ,

રહે. કોડીદ્રા, હે. નવા પ્લોટ, તા.વેરાવળ. **<u>આરોપી</u>**

**<u>આરોપ :– બી.એન.એસ. કલમ–૨૮૧ મુજબ...</u>**

(૧) ફરિયાદ પક્ષે આરોપી વિરુધ્ધ બી.એન.એસ. કલમ–૨૮૧ મુજબનું ચાર્જશીટ રજૂ કરેલ છે.

(૨) આજરોજ આરોપીને ધોરણસર સમન્સની બજવણી થતાં તેઓ કોર્ટ રૂબરૂ હાજર થતાં તેઓને વિના મુલ્યે પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ છે. તેઓ આ ગુન્હો સ્વેચ્છાએ કબૂલાત કરવા માગે છે તેમ જણાવી કબૂલાત પુરસીસ રજૂ કરતાં આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે. જેમાં આરોપીએ સ્વેચ્છાપૂર્વક કબૂલાત કરેલી છે અને પોતાનો પ્રથમ ગુન્હો હોય અને ભવિષ્યમાં ગુન્હો કરશે નહીં તેવી ખાત્રી આપી રહેમ રજૂઆત કરેલી છે.

(૩) આરોપીની સ્વેચ્છાપૂર્વકની ગુન્હા કબૂલાત ધ્યાને લેતાં તેમજ પોલીસ પેપર્સ વંચાણે લેતાં આરોપીની આર્થિક, સામાજીક સ્થિતિ ધ્યાને લેતાં અને દયાની માંગણી કરતો હોય આરોપીને સજા કરતી વખતે ઉદાર વલણ, સુધરવાની તક આપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ જણાતું હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>-:: હુકમ ::-</u>**

આરોપીને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૨૭૫ અન્વયે બી.એન.એસ. કલમ-૨૮૧ મુજબના ગુન્હા સબબ તકસીરવાન ઠરાવી અને રૂ. ૫૦૦/- અંકે રૂપિયા પાંચસો પુરાના દંડની સજા ફરમાવું છું અને જો આરોપી દંડના ભરે તો આરોપીએ દિન-૦૨ ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

જો આ કામે કબજે કરવામાં આવેલ મુદામાલ અંગે કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે આથી કાયમ કરવામાં આવે છે અન્યથા ઈન્કવાયરી કરી નીકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ચુકાદો આજ તા. ૧૪મી માહે-માર્ચ સને-૨૦૨૬ ના રોજ સ્પેશયલ સીટીંગમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા.૧૪/૦૩/૨૦૨૬
મુ.વેરાવળ

**(જયશ્રી દિપકકુમાર અમીન)**
પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ અને
એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
વેરાવળ. કોડ નં.જીજે-૦૦૯૦૫